અમદાવાદથી ચાલતી/ પસાર થતી ૪ જોડી ટ્રેનોમાં સ્થાયી ધોરણે વધારાના કોચ ઉમેરવામાં આવશે

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અમદાવાદ મંડળ થી દોડતી/ પસાર થતી ૪ જોડી ટ્રેનોની વિવિધ શ્રેણીઓ માં કાયમી ધોરણે વધારાના કોચ ઉમેરવાનો નિર્ણય કર્યો છે. મંડળ રેલવે પ્રવક્તા, અમદાવાદના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. ૧. ટ્રેન નંબર ૧૨૯૫૭/૧૨૯૫૮ અમદાવાદ-નવી દિલ્હી સ્વર્ણજયંતિ રાજધાની એક્સપ્રેસ માં અમદાવાદથી ૦૧.૦૧.૨૦૨૩થી અને નવી દિલ્હીથી ૦૨.૦૧.૨૦૨૩થી એક એસી ૩ ટાયર કોચ વધારાનો ઉમેરવામાં આવશે. ૨. ટ્રેન નંબર ૧૨૯૩૨/૧૨૯૩૧ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સપ્રેસ માં અમદાવાદથી ૦૨.૦૧.૨૦૨૩થી અને મુંબઈ સેન્ટ્રલ થી ૦૨.૦૧.૨૦૨૩ થી એક વધારાનો એસી ચેર કાર કોચ ઉમેરવામાં આવશે. ૩. ટ્રેન નંબર ૦૮૪૭૯/૦૮૪૮૦ રાજકોટ-ઓખા સ્પેશિયલ ટ્રેન માં ૦૪.૦૧.૨૦૨૩થી રાજકોટ થી અને ૦૩.૦૧.૨૦૨૩ થી ઓખા થી બે જનરલ કોચ વધારાના ઉમેરવામાં આવશે. ૪. ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર સ્પેશિયલ ટ્રેન માં ૦૪.૦૧.૨૦૨૩ થી રાજકોટ થી અને ૦૪.૦૧.૨૦૨૩ થી ઓખા થી બે જનરલ કોચ વધારાના ઉમેરવામાં આવશે

દાણાપીઠ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ સામે સાંજે એએમટીએસ બસનો અકસ્માત સર્જાયો

અમદાવાદ, અમદાવાદના દાણાપીઠ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ સામે સાંજે એએમટીએસ બસનો અકસ્માત સર્જાયો હતો. આસ્ટોરિયા સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એએમટીએસ બસ બીનારટીએસ લેનની રેલિંગ તોડી અને પેટ્રોલ પંપ સુધી પહોંચી ગઈ હતી. જોકે, સદનસીબે બસની આગળ રેલિંગ હોવાથી બસ રોકાઈ ગઈ હતી. જો બસ પેટ્રોલ પંપમાં ઘૂસી ગઈ હોત તો મોટી જાનહાની સર્જાઈ હોત. અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાની થઈ નથી. એએમટીએસ બસનો અકસ્માત પેટ્રોલ પંપમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ શહેરના દાણાપીઠ વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસની સામે સાંજે એએમટીએસની રૂટ નંબર ૧૪ની બસ આઝાસ્ટોરિયા સર્કલ તરફથી ઝડપે આવી હતી અને અચાનક જ બસના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા બસ રેલિંગ તોડી ડાબી તરફના રોડ પર જતી રહી હતી અને સીધા પેટ્રોલ પંપ સુધી પહોંચી ગઈ હતી. જોકે, બસની આગળના ભાગે રેલીંગના ટુકડા આવી ગયા હતા જેથી બસ રોકાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. પરંતુ જો બસની સ્પીડ હજી થોડી વધારે હોત અને રેલિંગના ટુકડા આગળ ન આવ્યા હોત તો બસ સીધી પેટ્રોલ પંપમાં ઘૂસી ગઈ હોત અને મોટી જાનહાની સર્જાઈ હોત. એએમટીએસ બસ અકસ્માત પેટ્રોલ પંપ પર લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગયો છે. જેમાં બસનો ડ્રાઈવર પૂરપાટ ઝડપે બસ ચલાવતો દેખાય છે અને બસ રેલિંગ તોડી સીધી પેટ્રોલ પંપ તરફ આવતી દેખાઈ રહી છે. બસની આગળના રેલિંગના ટુકડાના કારણે બસ રોકાઈ ગઈ હતી. તેમજ બસનો અકસ્માત થયો ત્યારે આગળ એક રીક્ષા જતી હતી.

AMCની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઝપાઝપી

અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા મળી હતી. જેમાં શહેરમાં ડ્રગ્સ વેચાતું હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા શહેજાદખાન પઠાણ દ્વારા કરવામાં આવ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ પર ડ્રગ્સ વેચાતું હોવાનો આક્ષેપ કરતા તેઓએ સભાગૃહમાં ડ્રગ્સ લેવા માટે જે પાઈપ વપરાય છે તે લઈને આવ્યા હતા. ત્યારે આ મુદ્દે ભાજપના શાસકોએ જો સાબરમતી રિવરફ્રન્ટ પર ડ્રગ્સ વેચાતું હોય અને તેઓ લઈને આવ્યા છે તો તેમની સામે જ પોલીસ ફરિયાદ કરવી જોઈએ. જોકે, તેમની સામે જ કાર્યવાહી કરવાનું કહેતા સભામાં હોબાળો થયો હતો. કોંગ્રેસ અને ભાજપ કોર્પોરેટરો આમને સામને આવી ગયા હતા. વિપક્ષના શહેજાદખાન પઠાણ પાસેથી પાઈપ લેવાનો પ્રયાસ કર્યો હતો તે દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં વિપક્ષના નેતા દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પર સિક્યુરિટીને લઈ અને સવાલો ઉભા કરવામાં આવ્યા હતા. ૩૭૩ જેટલા સિક્યુરિટી ગાર્ડ છે છતાં પણ રિવરફ્રન્ટ પર જ્યારે હું ગયો હતો. ત્યારે ૧૬થી ૧૭ વર્ષના છોકરાઓ ડ્રગ્સ લેતા જોવા મળ્યા હતા. એનો હું પુરાવો લઈને આવ્યો છું. વિપક્ષના નેતાએ ડ્રગ્સ લેવા માટે જે પાઈપ વાપરવામાં આવે છે તે ઉપ્પ્રી મેયર અને સભાગૃહ સમક્ષ રજુ કરી હતી. ત્યારે ભાજપના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ અને શાસક પક્ષના નેતા ભાસ્કર ભટ્ટે સામે જણાવ્યું હતું કે, ગુજરાત સૌથી વધારે ડ્રગ્સ પકડવા વાળું રાજ્ય છે અને જો તમને ત્યાં ડ્રગ્સ લેતા લોકો દેખાયા હતા તો તમારે પોલીસ ફરિયાદ કરવી જોઈએ. અને ત્યાંથી જ ૧૦૦ નંબર પર ફોન કરવો જોઈએ. શા માટે તમે તેવું ના કર્યું. ડ્રગ્સ વેચાતું હોવાનો આરોપ ખોટો છે. ડ્રગ્સ વેચાતું હોવાનો આક્ષેપ વિપક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવતા ભાજપના કોર્પોરેટરો અને શાસકો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. જો ડ્રગ્સ વેચાતું હોવાનું તેઓ સભાગૃહમાં લઈને આવ્યા છે તો ધૂડ શહેઝાદખાન સામે જ ગુનો દાખલ કરવો જોઈએ કે ડ્રગ્સ લઈને તેઓ સભાગૃહમાં આવ્યા છે. આ રીતે કોર્પોરેટરોએ બોલતા જ વિપક્ષના નેતા સીધા ડેપ્યુટી મેયર સમક્ષ દોડી ગયા હતા અને જે પાઈપ લઈને આવ્યા હતા તે તેમને પાછી લઈ લીધી હતી. જેથી ભાજપના કોર્પોરેટરો તેને તેમની પાસેથી પહોંચ્યા હતા તેમાં ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

અમદાવાદ મંડળ પર મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની વર્ષ ૨૦૨૨-૨૩ની બીજી બેઠકનું આયોજન

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર વર્ષ ૨૦૨૨-૨૩ માટે રચાયેલી મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિની બીજી બેઠકનું આયોજન મંડળ કાર્યાલયમાં આયોજિત કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સમિતિના સેક્રેટરી અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી પવનકુમાર સિંહે બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોને આવકાર્યા હતા. આ બેઠકમાં ઉપસ્થિત સભ્યોએ પોતપોતાના ક્ષેત્રથી સંબંધિત લગતી યાત્રી સુવિધાઓ વધારવા, રેલવે સંબંધિત સમસ્યાઓ ના ઝડપી નિરાકરણ અને તેમની વ્યાજબી માંગણીઓ એક હકારાત્મક ચર્ચા કરી હતી. સમિતિના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી તરૂણ જૈને અમદાવાદ મંડળ પર ચાલી રહેલી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમણે માનનીય સભ્યોને ખાતરી આપી હતી કે મુસાફરોની સુવિધાઓ નો વિકાસ એ અમદાવાદ મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. માટે તમામ સંભવિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અને આગામી સમયમાં આ સુવિધાઓ મંડળ પર જોવા મળશે. તેમની ન્યાયી માંગણીઓ પર મંડળ દ્વારા તુરંત ઉકેલ લાવવામાં આવશે.

આ દરમિયાન, પાવર પ્રેઝન્ટેશનના માધ્યમથી અમદાવાદ મંડળ દ્વારા સિદ્ધિઓ વિશે જણાવવામાં આવ્યું કે લક્ષ્ય કરતા પણ વધું આ વર્ષમાં અત્યાર સુધીનું સૌથી વધુ નૂર લોડિંગ કર્યું છે. મુસાફરની આવક થઈ છે અને આ સમય દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો જેમ કે ભમણું વીજળીકરણ અને ડીમ્લેક્સી અને સ્ટેશનોના પુનઃવિકાસને પણ વેગ મળ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ કામો પૂર્ણ થવા પર અમે અમારા સન્માનિત મુસાફરો અને માલવાહક ગ્રાહકોને વધુ સુવિધાઓ પૂરી પાડી શકીશું. આ દરમિયાન સમિતિના સભ્યોએ પોતપોતાના ક્ષેત્રોની રેલ સમસ્યાઓ, નવી ટ્રેનો દોડાવવા, ટ્રેનોના સ્ટોપેજમાં વધારો, ટ્રેનોનું વિસ્તરણ વગેરે પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરવા અંગે ચર્ચા કરી હતી. તથા મંડળના સ્ટેશનો પર વધુ સારી પેસેન્જર સુવિધા પૂરી પાડવા માટે પોતાના મૂલ્યવાન સૂચનો આપ્યા હતા. મંડળ રેલ પ્રબંધક શ્રી જૈને તેમની ન્યાયી માંગણીઓ પર ઝડપી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આ આયોજિત સભામાં તમામ શ્રી રાકેશકુમાર જૈન, પારસમલ નહાટા, હિંગોરભાઈ રબારી, દિનેશકુમાર પટેલ, પ્રબોધ મુનવર, મનીષસિંહ ઠાકુર, રમેશભાઈ સુરતી, કાંતિભાઈ પરમાર, શિવરામભાઈ પટેલ, આદિત્યરાજ ઝાલા, જયંતિલાલ પરમાર, મુકેશકુમાર ઠાકોર, ઠિકોરસિંહ ઝાઝેલા, શાર્દુલ દેસાઈ, અશોકકુમાર જોષી, મોહનભાઈ પટેલ, જીજ્ઞેશ પંડ્યા, રાજેશકુમાર પંચાલ અને મહેન્દ્રકુમાર યાદવ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અંતે મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અસલમ શેખે મીટીંગમાં હાજરી આપવા અને અમૂલ્ય સૂચનો આપવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ શહેરમાં ડેલામાં પીઓપીની છત તોડી તસ્કર ટોળકી રૂ.૧.૬૩ લાખની મતા ચોરી ગયા

રાજકોટ, શહેરમાં સક્રિય થયેલી તસ્કર ટોળકી પોલીસના નાઈટ પેટ્રોલિંગનો ભાંડો ફોડી રહી છે. છેલ્લા કેટલાક સમયથી ચોરીના બનાવો વધી રહ્યાં છે. તિરુપતિ બાલાજી પાર્ક-૬માં રહેતા અને નજીક જ સુદર્શન મેટલના નામનો ડેલો ચલાવી ભાગીદારીમાં વેપાર કરતા રાજેશભાઈ ચંદુભાઈ રૈયાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સોમવારે સાંજે ભાગીદારો સાથે ડેલો બંધ કરીને ગયા હતા. બાદમાં રાબેતા મુજબ મંગળવારે સવારે ડેલા પર આવ્યા હતા. ડેલામાં કામ કરતા કર્મચારીએ ડેલાના તાળાં ખોલી અંદર જતા ઓફિસનો દરવાજો અંદરથી બંધ હતો. બાદમાં સિક્યુરિટી લોક ખોલી અંદર જતા ઓફિસમાં ઉપર લગાડેલું પીઓપી તૂટેલું જોવા મળ્યું હતું. જ્યારે ટેબલના ખાના ખુલ્લા હોય અંદર વેપારના રાખેલા રોકડા રૂ.૧.૪૬ લાખ ગાયબ હતા. તેમજ ડેલામાં લગાડેલા સીસીટીવીના ડીવીઆર અને હાર્ડડિસ્ક મળી કુલ રૂ.૧.૬૩ લાખની મતા ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવની ભક્તિનગર પોલીસને જાણ કરતા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સોમનાથ મહાદેવનું મંદિર ભાવિકો માટે રાત્રિ સુધી ખુલ્લુ રહ્યું, હર હર મહાદેવના નાદથી વાતાવરણ શિવમય બન્યું

ગીર સોમનાથ, માસીક શિવરાત્રિ પર્વે જગવિખ્યાત સોમનાથ મહાદેવનું મંદિર ભાવિકો માટે રાત્રિ સુધી ખુલ્લુ રહ્યું હતુ. આ તર્ક મધ્યરાત્રિએ સોમનાથ મહાદેવને જ્યોતપૂજન, મહાપૂજા અને મહાઆરતી કરવામાં આવી હતી. આ તમામ દર્શન અને પૂજાનો લાભ લઈ મોટી સંખ્યામાં શિવભક્તોએ પન્યતા પ્રાપ્ત કરી ભાવવિભોર બની ગયા હતા. તો મધ્યરાત્રિએ ભાવિકોને હર હર મહાદેવના નાદથી વાતાવરણ શિવમય બની ગયુ હતુ. પ્રથમ જ્યોતિર્લીંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં મંદિર ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવતી માસિક શિવરાત્રિ ઉજવણીમાં ભાગ લેવા માટે દુર દુરથી મોટી સંખ્યામાં ભાવિકો સોમનાથ આવી પહોંચે છે. ત્યારે માસિક શિવરાત્રિ નિમિતે પણ મોડીરાત્રિના મહાદેવના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિકો મંદિરએ પહોંચ્યા હતા. ત્યારે મધ્યરાત્રિએ સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈ, કલકતાના આદ્યશક્તિ પીઠના મહંત સંતાનંદ પુરીજી મહારાજ સહિતના મહાનુભાવોના હસ્તે જ્યોતપૂજન કરવામાં આવ્યુ હતું. બાદમાં સોમનાથ મહાદેવને વિવિધ દ્રવ્યો અર્પણ કરી મહાપૂજા કરવામાં આવી હતી. ત્યારપછી મહાઆરતીમાં કરવામાં આવી હતી. આ તર્કે મંદિરએ પહોંચેલ મોટી સંખ્યામાં શિવભક્તોના હર હર મહાદેવ અને જય સોમનાથના નાદ સાથે પ્રથમ જ્યોતિર્લિંગ મંદિર, પરીસર ગુંજી ઉઠવાની સાથે તીર્થનું વાતાવરણ શિવમય બની ગયુ હતુ. અગાઉ ઘણા વર્ષોથી નિત્યક્રમ મુજબ સોમનાથ મંદિર વર્ષમાં એક જ વખત મહાશિવરાત્રીના દિવસે જ આખી રાત્રી ભાવિકો માટે ખુલ્લુ રહેતુ હતુ. જ્યારે બાકીના દિવસોમાં મંદિર સવારે થી રાત્રી સુધી જ ખુલ્લુ રહેતુ હતુ.

સ્વામીવિવેકાનંદ કેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના ડિરેક્ટર સભાસદને કોર્ટ જેલની સજા અનેદંડ ફટકાર્યો

જામનગર, સ્વામી વિવેકાનંદ કેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ મનીષ નરેન્દ્રભાઈ મારુએ ધંધા માટે સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છતા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી. અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ હતો. એ.ડી.રાવની કોર્ટમાં કેસ આગળ ચાલતા વકીલની દલીલોને ધ્યાનમાં રાખી આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૫ (૨) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને ૬ માસની જેલની સજા તેમજ ચેકની રકમનો દંડ ફરાવવામાં આવેલ છે અને આરોપી વિરુદ્ધ સજા વોરંટ ઇસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે જામનગરના પોલીસ અધીક્ષકને મોકલી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

પાલનપુર નગરપાલિકાની ડમ્પીંગ સાઈટ પરથી ૪૦ દિવસમાં કચરો દૂર કરવાની માગ

બનાસકાંઠા, પાલનપુર નગરપાલિકાની ડમ્પીંગ સાઈટ પર કચરાના મોટા ઢગલા થઈ જતા આસપાસના ગામના લોકો મુશ્કેલીમાં મૂકાયા હોવાની વિપક્ષના નેતાએ રજૂઆત કરી છે. ચાલીસ દિવસમાં આ કચરાનો અહીંથી નીકાલ કરવાની માગ કરવામાં આવી છે. જો ક્યરો દૂર ના થાય તો આત્મવિલોપન કરવાની ચિમકી પણ નેતાએ ઉચ્ચારી છે. પાલનપુર નગરપાલિકાના નેતા વિપક્ષ અંકિતાબેન ઠાકોરે જણાવ્યું હતું કે, પાલનપુરમાં તો ચાર એન્જિનવાળી સરકાર છે.

સિક્કો ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ

CIN:L51909GJ2000PLC037329

રજિસ્ટર્ડ ઓફિસઃ ૫૦૮, ઇસ્કોન એલિગન્સ, જૈન મંદિર પાસે, પ્રહલાદનગર ચિઇ અપ સ્ટેન પાસે, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧
ટેલીફોન નં.: +૯૧ ૭૯ ૬૬૧૬ ૯૯૫૦/૬૧૧૬૯૯૫૧ વેબ સાઈટઃ www.sikkoindia.com,
ઈ-મેઈલઃ compliance@sikkoindia.com

પોસ્ટલ બેલોટની સૂચના

આથી કંપનીઓનો ધારો, ૨૦૧૩ ('ધારો') ની કલમો ૧૦૮ અને ૧૧૦ ની જોગવાઈઓ અને અન્ય લાગુ જોગવાઈઓને અનુસરીને અને કંપનીઓ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (સમય-સમય પર સુધારેલા મુજબ) ("નિયમો") ના નિયમો ૨૦ અને ૨૨ ને સાથે વાંચીને અને સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાત આવશ્યકતાઓ) નિયમનો, ૨૦૧૫ (સેબી સૂચિબ્ધો નિયમો) ના નિયમ ૪૪ અને અન્ય લાગુ કાયદા અને નિયમો પ્રમાણે સૂચના આપવામાં આવે છે કે સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ("કંપની") ના સભ્યોની તારીખ: ૨૧ મી ડિસેમ્બર, ૨૦૨૨ રોજની પોસ્ટલ બેલોટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાયો માટે મંજૂરીની માંગ પોસ્ટલ બેલોટ અને દૂરસ્થ ઈ-મતદાનની પ્રક્રિયાને અનુસરીને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન (દૂરસ્થ ઈ-મતદાન) દ્વારા કરવામાં આવી રહી છે.

એનસીએના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૨૨/૨૦૨૦ તા. ૧૫ જૂન, ૨૦૨૦, પરિપત્ર નં. ૩૩/૨૦૨૦ તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૦, પરિપત્ર નં. ૩૯/૨૦૨૦ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૦/૨૦૨૧ તા. ૨૩ જૂન, ૨૦૨૧, પરિપત્ર નં. ૨૦/૨૦૨૧ તા. ૦૮ ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં. ૦૩/૨૦૨૨ તા. ૦૫ મે, ૨૦૨૨ મુજબ કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક સ્વરૂપે એટલે કે ઈ-મેલ થી તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીના તમામ શેરધારકોને કે જેમના નામ શુક્રવાર, ડિસેમ્બર ૧૬, ૨૦૨૨ ('કટ ઓફ ડેટ') ના રોજ ડિપોઝિટરીઓથી પ્રાપ્ત થયેલા લાભાર્થી માલિકોની સૂચિમાં દેખાય છે અમને મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને આ નોટિસની હાર્ડ કોપી પોસ્ટલ બેલેટ ફોર્મ અને પ્રી-પેઇડ બિઝનેસ એન્વલપ સાથે આ પોસ્ટલ બેલેટ માટે શેરધારકોને મોકલવામાં આવશે નહીં. તદનુસાર, સભ્યોની સંમતિ અથવા અસંમતિની વ્યવસ્થા ફક્ત દૂરસ્થ ઈ-મતદાન પદ્ધતિ દ્વારા થશે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંગાણમ પરિપત્રો પ્રમાણે આ પોસ્ટલ બેલોટના દૂરસ્થ ઈ-મતદાન માટે એ બાબ સભ્યો કે જે ડીમેટ સ્વરૂપમાં અથવા ભૌતિક સ્વરૂપમાં કંપનીના ઈક્વિટી શેર ધરાવે છે અને પોતાના ઈ-મેઈલ સરનામાં નથી નોંધ્યાવ જેના લીધે પોસ્ટલ બેલોટ સૂચના નથી મોકલી શકાઈ એ સભ્યો અસ્થાયીરૂપે તેમના ઈ-મેઈલ સરનામા કંપની સાથે આ પ્રમાણે નોંધાવી શકે છે, (એ) જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@sikkoindia.com પર ઈ-મેઈલ કરી ને, (બી) જો ડીમેટ સ્વરૂપમાં ધરાવો છો તો નામ, DPID-CLID (૧૬ અંકનો DPID CLID અથવા ૧૬ અંકોના લાભાર્થી ID), ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@sikkoindia.com પર ઈ-મેઈલ કરી ને, 3) અથવા તો સભ્યો પોર્ટલ (બી) અથવા (બી) માં જણાવેલ વિગતો ઈ-મેઈલ દ્વારા evoting@nsdl.co.in પર મોકલીને પ્રમાણિત કરી શકે છે.

કંપનીએ તમામ સભ્યોને નિયમ ૦ ઈ-વોટિંગની સુવિધા આપવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ સાથે કરાર કર્યો છે. સભ્યો નોંધ લે કે રિમોટ ઈ-વોટિંગ સોમવાર તારીખ ૨૬ મી ડિસેમ્બર, ૨૦૨૨ નાં રોજ સવારનાં ૦૯:૦૦ વાગ્યા થી શરૂ થશે અને મંગળવારે, તારીખ ૨૪ મી જાન્યુઆરી, ૨૦૨૩ નાં રોજ સાંજનાં ૦૫:૦૦ વાગતાં (બંને દિવસો સહિત) પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, શુક્રવાર, ડિસેમ્બર ૧૬, ૨૦૨૨ ('કટ-ઓફ ડેટ') ના રોજ જે વ્યક્તિનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઓ દ્વારા જાળવવામાં આવેલા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલ છે તે જ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા માટે હકદાર રહેશે અને આવા સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલને વોટિંગ માટે અક્ષમ કરવામાં આવશે અને ઉલ્લેખિત તારીખ અને સમય કરતાં દૂરસ્થ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપ્યા પછી, તે/તેણીને પછીથી બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલોટ સૂચનામાં આપવામાં આવેલી છે.

કંપનીના નિયામક મંડળે પોસ્ટલ બેલોટ અને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન દ્વારા મંજુરેલા મતોની સુચણ્ટ અને પરદર્શક રીતે ચકાસણી કરવા માટે પ્રેક્ટિશિંગ કંપની સચિવ આનંદ લવિશિયાની (સીઓપી નંબર ૧૧૨૪૦) સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણુક કરી છે. પોસ્ટલ બેલોટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાયો પર ના મતદાન નું પરિણામ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર શુક્રવાર તારીખ ૨૭ મી જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ www.sikkoindia.com પર પણ મુકવામાં આવશે અને આથી સાથે તે જ દિવસે સ્ટોક એક્સચેંજ અને ઈ-મતદાન એજન્સીને પણ મોકલવામાં આવશે.

સભ્યો કે જેને પોસ્ટલ બેલોટ સૂચના નથી મળી, તે compliance@sikkoindia.com પર અથવા એનએસડીએલને evoting@nsdl.co.in પર ઈ-મેઈલ મોકલીને પોસ્ટલ બેલોટ નોટિસની નકલ મેળવી શકે છે. પોસ્ટલ બેલોટ સૂચના કંપનીની વેબસાઈટ www.sikkoindia.com અને ઈ-મતદાન એજન્સી https://www.evoting.nsdl.com વેબસાઈટ પરથી પણ મેળવી શકાય છે.

દૂરસ્થ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાનને લગતી કોઈપણ પ્રશ્ન / ફરિયાદોને અંકિતા લુણાગરિયા, કંપની સચિવ અને પાલન અધિકારી, સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૦૮, ઈસ્કોન એલિગન્સ, જૈન ટેમ્પલ નજીક, પ્રહલાદનગર પીઠ ઉપ સ્ટેન નજીક, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧, ગુજરાત, ભારત પર સંબોધી શકે છે અથવા compliance@sikkoindia.com પર ઈ-મેઈલ મોકલી શકે છે અથવા ૦૧ ૮૫૨૦ ૨૩૦૮ ફોન કરી શકે છે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે સભ્યો દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) ના સંદર્ભ લો અને www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર ફોન કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકો છો.

સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
જયંતીભાઈ મોહનભાઈ કુંભાણી
વહીવટી સંચાલક
સંચાલક ઓળખ નંબરઃ ૦૦૫૮૭૦૦

સ્થાનઃ અમદાવાદ
તારીખઃ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૨

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

શાખા ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈઝઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (ઈદ્રીવન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ઈમેચનએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ ન